# <u>સરદાર પટેલ યુનિવર્સિટી</u>

# <u>વલ્લભ વિદ્યાનગર</u>

## -: <u>નોટીસ</u> :-

**સેલ્ફફાયનાન્સ (સ્વનિર્ભર) અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ માટેની ફ્રી સ્ટુડન્ટશીપ સ્કોલરશીપ**

**<u>વર્ષઃ ૨૦૧૬-૧૭</u>**

સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોમાં પ્રથમ અને તૃતીય સેમેસ્ટરમાં માત્ર સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ પાસેથી સેલ્ફ ફાયનાન્સ ફ્રી સ્ટુડન્ટશીપ સ્કોલરશીપ વર્ષ ૨૦૧૬-૧૭ માટે નિયતપત્રકમાં અરજીઓ મંગાવવામાં આવે છે. અરજીપત્રક યુનિવર્સિટી કાર્યાલયના સ્ટોર વિભાગ (રૂમ નંબર ૧૦૮) માંથી તારીખ ૨૮/૧૧/૨૦૧૬થી રૂ. ૨૫/- રોકડા ચૂકવીને મેળવવું અને જરૂરી વિગતો ભરીને પોતાના વિભાગના વડાશ્રીના સહી સિક્કા કરાવીને જરૂરી બિડાણો સાથે સ્કોલરશીપ વિભાગ (રૂમ નંબર ૩૦૨)માં <u>તારીખ ૨૩/૧૨/૨૦૧૬ ને શુક્રવાર સુધીમાં પરત</u> આપી જવાના રહેશે.

**<u>નિયમો :-</u>**

જે વિધાર્થીઓના માતા-પિતાની કુલ વાર્ષિક આવક રૂા.૧,૫૦,૦૦૦/- થી વધુ ન હોય તેવા વિધાર્થીઓ સેલ્ફ ફાયનાન્સ સ્કોલરશીપ માટેની અરજી કરવા પાત્ર બને છે. (અન્ય કોઇપણ શિષ્યવૃતિ માટે અરજી કરી હોય તેવા વિધાર્થીઓએ અરજી કરવી નહી) આ સ્કોલરશીપ મેરીટ કમ મીન્સના ધોરણે આપવામાં આવશે.

**<u>અરજીપત્રક સાથે નીચેના પ્રમાણપત્રો રજૂ કરવા :-</u>**

(૧) વર્ષ ૨૦૧૫-૧૬ના વિધાર્થીઓના માતા-પિતા અને કુટુંબના અન્ય સભ્યોની મળીને કુલ આવક દર્શાવતું માત્ર મામલતદારશ્રી/ તાલુકા વિકાસ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર, વિધાર્થીના પિતા/વાલી નોકરી કરતા હોયતો તે સંસ્થાના વડાનું પ્રમાણપત્ર.

(૨) યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોમાં પ્રથમ સેમેસ્ટરમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ સ્નાતક કક્ષાની પાંચમાં અને છઠ્ઠા સેમેસ્ટરની અને ત્રીજા સેમેસ્ટરમાં અભ્યાસ કરતા વિધાર્થીઓએ અનુસ્નાતક કક્ષાની પ્રથમ અને બીજા સેમેસ્ટરની પરીક્ષાની માર્કશીટની પ્રમાણિત નકલ.

(૩) વિધાર્થીનું ચારિત્ર્ય અને પ્રગતિ અંગેનુ અનુસ્નાતક વિભાગના વડાશ્રીનું પ્રમાણપત્ર.

(૪) સંબધિત અભ્યાસક્રમની ફી ની રસીદ.

(૫) અન્ય કોઈ શિષ્યવૃતિ મેળવેલ નથી તે અંગેનું સોગંદનામું.

**<u>નોંધ :-</u>**

જે વિધાર્થીઓને ઇ.બી.સી/ એસ.સી/ એસ.ટી/ બક્ષીપંચ શિષ્યવૃતિ/લઘુમતી (એટલે કે રાજય સરકાર તરફથી અન્ય પછાતવર્ગને અપાતી શિષ્યવૃતિ) મળવાપાત્ર હશે તેઓને આ ફ્રી સ્ટુડન્ટશીપનો લાભ મળી શકશે નહી, તેથી તેવા વિધાર્થીઓએ અરજી કરવી નહી.

નંબરઃ એન/સેલ્ફ ફાયનાન્સ ફ્રી સ્ટુડન્ટશીપ/૨૦૧૬-૧૭/૫૪૧૪ **નાયબ કુલસચિવ**

વલ્લભ વિધાનગર

તારીખ : ૨૧/૧૧/૨૦૧૬.

**<u>નકલ રવાના :-</u>**

(૧) વડાશ્રી, અનુસ્નાતક ................................... વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી તરફ તેમના વિભાગના વિધાર્થીઓને જાણ કરવા સારું તથા આ નોટીસ બોર્ડ ઉપર મુકવા સારું.

(૨) વડાશ્રી, સ્ટોર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિધાનગર તરફ જાણ અને કાર્યવાહી માટે.

(૩) ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી તરફ યુનિવર્સિટી વેબ-સાઈટ પર મુકવા સારું.

# <u>સોગંદનામું</u>

આથી અમો નીચે સહી કરનાર .....................**(વિદ્યાર્થીનું નામ)**................., શૈક્ષણિકવર્ષ: ૨૦૧૬-૧૭માં સરદાર પટેલ યુનિવર્સિટીનાં અનુસ્નાતક ............................................ વિભાગમાં ......................... અભ્યાસક્રમમાં .......................... વિષયમાં ........... સેમીસ્ટરમાં સેલ્ફ ફાઈનાન્સ ફુલ ટાઈમ કોર્ષમાં એડમિશન મેળવેલ છે.

મેં શૈક્ષણિકવર્ષ:૨૦૧૬-૧૭ દરમ્યાન આ સંસ્થામાંથી કોઈ પણ સરકારી કે અન્ય સહાય માટે અરજી કરેલ નથી. આમ છતાં આપના ધ્યાન પર આવે કે મે કોઈ સહાય મેળવેલ છે અને મારી આ અરજી રદ કરવાની થાય, કે મળેલ શિષ્યવૃત્તિની રકમ યુનિવર્સિટીમાં જમાં કરાવવાની થાય તો તે મને માન્ય રહેશેં. તે રકમ પરત કરવામાં હું કોઈ પણ પ્રકારની આનાકાની કરીશ નહી.

સ્થળ: વિદ્યાર્થીની સહી વિભાગીય વડાની સહી

તારીખ:

**નોધ**: આ સોગંદનામું ૨૦ રૂ. ના સ્ટેમ્પ પેપર પર વિદ્યાર્થીએ જાતે લખવાનું રહેશે.